# નિવૃત્ત કર્મચારી પાસેથી વસૂલાયેલા નાણાં પરત ન કરાતા આત્મવિલોપનની ચિમકી

## પુરવઠા નિગમ દ્વારા દાવો પરત ખેંચાયાને એક વર્ષ વીતવા છતાં વસુલાયેલ રૂ. ૬.૭૧ લાખ પરત કરાતા નથી : અદાલતમાં કસુરવાર પુરવાર ન થતાં નિગમે દાવો પરત ખેંચ્યો હતો : કર્મચારીએ વારંવાર લેખિત મૌખિક રજૂઆતો કરી : આર્થિક-શારિરીક સમસ્યાથી પીડાતા કર્મચારીનું અંતિમ પગલું

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના રીટાયર્ડ ગોડાઉન મેનેજર દીપક નરેન્દ્રરાય દેસાઈ પર વર્ષ ૨૦૦૯માં માતર ગોડાઉન ઘટ કેઈસ અંતર્ગત કેસ કરવામાં આવ્યો હતો. જેમાં તેમના પરના આરોપો સાબિત ન થવાને કારણે નિગમ દ્વારા ૨૦૧૦માં નડિયાદ કોર્ટમાં દાખલ કરેલ દિવાની દાવો વર્ષ ૨૦૧૪માં પરત ખેંચી લેવાયો હતો. આમ દાવો પરત ખેંચાઈ લેવાયો હોવા છતાં અને આરોપી કસૂરવાર પુરવાર ન થયો હોવા છતાં તેમની પાસેથી નિગમ દ્વારા બમણાં દરે કરાયેલી વસુલાતના નાણાં રૂ. ૬,૭૧,૦૧૦ અને ખોટી રીતે વસુલાયેલા જુથ વીમાના રૂ. ૪૮૧૫૨ એક વર્ષ ઉપર સમય વીતવા છતાં પરત ન કરાતાં માનસિક ત્રાસ અને શારિરીક પીડાઓ ઉપરાંત આર્થિક સામાજિક સમસ્યાઓથી ઘેરાયેલ નિવૃત્ત કર્મચારીએ જો તા. ૫મી મે સુધીમાં યોગ્ય નીવેડો નહીં આવે તો નિગમની કચેરીમાં આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

વર્ષ ૨૦૦૯માં ઘટેલ માતર ગોડાઉન ઘટ કેસમાં નિગમ દ્વારા ૨૦૧૦માં દાખલ કરાયેલ દિવાની દાવામાં કોર્ટે આરોપી દિપક નરેન્દ્રરાય દેસાઈને ગુનેગાર કે કસૂરવાર ઠરાવ્યા નથી. આ કેસને નિગમ દ્વારા વર્ષ ૨૦૧૪માં પરત ખેંચવામાં આવ્યો હતો પરંતુ નિગમ દ્વારા વસુલાત પેટે આરોપીના પગારમાંથી રૂ. ૬૭૧૦૧૦ની વસુલાત કરાઈ હતી નિગમ દ્વારા કર્મચારી દોષિત સાબિત ન થયો હોવા છતાં એક તરફી રીતે આ વસુલાત કરાઈ હતી. વળી, બમણી વસૂલાતનો પરિપત્ર નવેમ્બર ૨૦૦૯માં જારી કરાયો હતો અને દિપક દેસાઈનો કેસ મે ૨૦૦૯નો હોવા છતાં ખોટી રીતે બમણી વસુલાત કરાઈ હતી. હવે વર્ષ ૨૦૧૪માં નિગમે કેસ પાછો ખેંચી લીધાને ૧ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં કર્મચારી પાસેથી વસુલાયેલ નાણાં અસંખ્ય રજૂઆતો છતાં પરત કરવામાં આવતા નથી. વળી જે જુથ વીમાની રકમ કર્મચારી તેના પગારમાંથી ચૂકવતો હતો અને જેને સરકાર તરફથી પગારપટે આપવામાં નથી આવી છતાં તેમાંથી રૂ. ૪૮૧૫૨ વસુલ કરાયાં છે જે ગેરવાજબી હોવા છતાં હજુ સુધી પરત કરાયાં નથી.

નિગમના આ વલણને કારણે કર્મચારી હવે નિવૃત્ત થઈ જવા છતાં યોગ્ય નિવેડો લાવવામાં આવ્યો નથી. જેથી કર્મચારીને માનસિક, સામાજિક, આર્થિક અને શારિરીક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. કર્મચારીનું ઘર જર્જરિત હાલતમાં છે, પ્રોસ્ટેટ અને કિડીનીના ઓપરેશનો કરાવ્યા છે. તેમજ બે બેંકોની લોનનું દેવું બાકી છે. આ પરિસ્થિતિમાં કર્મચારી દ્વારા અસંખ્ય વાર મુખ્યમંત્રી સહિત નિગમના અધિકારીઓની મૌખિક અને લેખિત રજૂઆતો તેમજ ઉપવાસ અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા છતાં યોગ્ય નિવેડો લાવવામાં આવતો નથી. આથી કંટાળેલા કર્મચારીઓ તા. ૫મી મે એ આત્મ વિલોપન કરવાની ચિમકી લેખિતમાં આપી છે.

# ચિલોડા સર્કલ પાસે સુરક્ષા સેતુ અભિયાન અંતર્ગત સાવધાન રેલી યોજાઈ

## વાહનચાલકોને કુમ કુમ તિલક, હાથે રક્ષા પોટલી અને મોં મીઠું કરાવાયું

ચિલોડા, તા. ૧૬

ગુજરાત રાજયમાં દરરોજ અસંખ્ય વાહનચાલકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. વાહન દુર્ઘટનાની ઘટનાઓ નિવારવા તથા



વાહનચાલકોમાં સતર્કતા-સાવધાની વધે તે હેતુથી ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમોના આયોજન કરાય છે.

સુરક્ષા સેતુ અભિયાન અંતર્ગત ગાંધીનગર રેન્જ આઈ.જી. હસમુખ પટેલ, ગાંધીનગર જિલ્લા એસ.પી. વીરેન્દ્રસિંહ યાદવ, ડી.વાય.એસ.પી. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ચિલોડા પોલીસ દ્વારા મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ચિલોડા પોલીસ ઈન્સ્પેક્ટર એન.સી ભરવાડ તથા ટીમ દ્વારા વાહન ચાલકોમાં સાવધાની તથા સતર્કતા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ દ્વારા હેલ્મેટ પહેર્યા વગરના વાહન ચાલકોને અટકાવવામાં આવ્યા હતા. વાહનચાલકોને કપાળમાં કુમકુમ તીલક કરવામાં આવ્યું હતું. વાહનચાલકોના કાંડા પર રક્ષા પોટલી બાંધી ગોળ ખવડાવવામાં આવ્યો હતો. આશરે ૪૦૦થી વધારે વાહનચાલકોને હેલ્મેટ પહેરવા અને ટ્રાફીક નીયમનનું પાલન કરવા સમજાવવાનો પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉપરાંત 'રહો સાવધાન' શિર્ષક હેઠળ તૈયાર કરાયેલા બેનર્સ પ્રદર્શિત કરાયા હતા. જેમાં વિવિધ પ્રકારના ગુન્હા સતર્કતા અને સાવધાની કેવી રાખવી તેવા વાક્યો પ્રદર્શિત કરાયા હતા. હજારો લોકોએ ચિલોડા પોલીસ દ્વારા રજુ કરાયેલ રહો સાવધાન કાર્યક્રમને રસપુર્વક નીહાળ્યો હતો. પોલીસના શિસ્તબદ્ધ સૌમ્ય વ્યવહારના દર્શન થયા હતા. ગુનાખોરી પર સંશોધન કરી સતર્કતાના પ્રચાર પ્રસાર કરનાર સતર્કતા ગ્રુપ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ૪૦૦થી વધુ વાહન ચાલકોએ હેલ્મેટ પહેરવાના તથા ટ્રાફીક નિયમનના પાલન કરવાના શપથ લીધા હતા.



(તસવીર : નટુભાઈ પટેલ)

# જીએસપીસીના મીટરમાં ખામીનો દોષ ગ્રાહકના માથે ઠોકી બેસાડાયો

## કંપની દર વર્ષે સર્વિસ ચાર્જ ઉઘરાવતી હોવા છતાં મીટરમાં ખામી : કંપનીએ ખરીદેલા-માલિકીના મીટર બદલવા માટે ગ્રાહક પર રૂ. ૧૩૦૦નો ચાર્જ વસુલાયો : ગ્રાહકની રીફંડ માટે માંગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સરકારી ગેસ કંપની જીએસપીસી દ્વારા પાઈપલાઈન વડે રાંધણ ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. જીએસપીસી કંપની દ્વારા દરેક ગ્રાહકો પાસેથી જોડાણ દીઠ રૂ.૧૫૦ વાર્ષિક સર્વિસ ચાર્જ પેટે ઉઘરાવવામાં આવે છે આમ છતાં જયારે મીટરમાં કોઈ પણ પ્રકારનો સુધારો-મરામત કે ખામી માટે ગ્રાહક પાસેથી અલગથી ચાર્જ પણ ખંખેરી લેવાય છે તે માટે ગ્રાહકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

જીએસપીસી દ્વારા સે-૪-ડીમાં એક ગ્રાહકને અલ્ટરેશન, મોડીફીકેશન એન્ડ એકસ્ટ્રા કનેકશનના હેડ તળે રૂ. ૧૩૦૦નો ચાર્જ ઝીકવામાં આવ્યો છે. આ ચાર્જ કંપની દ્વારા તેમનું મીટર તેમાં ખામીને કારણે ધીમું ચાલવા અને અટકી જવાનો પ્રોબ્લેમ સોલ્વ કરવા માટે લગાડાયો છે. ગ્રાહક દ્વારા દલીલ કરવામાં આવી છે કે કંપની દ્વારા દર વર્ષે રૂ. ૧૫૦ સર્વિસ ચાર્જ પેટે ઉઘરાવાય છે પરંતુ કંપની દ્વારા વર્ષમાં એક પણ વાર સર્વિસ કે મેન્ટેનન્સ કરવામાં આવતું નથી. જેના કારણે મીટરમાં ખરાબી ઉભી થવા પામેલ છે. જો કંપની સર્વિસ ચાર્જ અગાઉથી લઈ લેતી હોય તો મીટરમાં ખામી સુધારવાની જવાબદારી પણ કંપનીની જ છે તે માટે ગ્રાહકે અલગથી રૂ.૧૩૦૦ જેટલો મોટો અસહ્ય ખર્ચ શા માટે ભોગવવાનો? તે તો કંપનીની જવાબદારીમાં જ આવે છે.

વળી, મીટર તો કંપનીની માલિકીના ગણાય છે, જેને કંપની દ્વારા જ ખરીદી લગાડવામાં આવે છે તો એ મીટરમાં ખામી હોય તેનો મતલબ કે કંપની દ્વારા ખરીદીના પ્રમાણો સાથે બાંધછોડ કરાઈ છે. અથવા ખરીદીમાં મીલી ભગત કે લાલીયાવાડી જેવું ભાસે છે. આમ કંપનીની ભૂલનું પરિણામ ગ્રાહકે શા માટે ભોગવવું પડે? આ દલીલ સાથે ગ્રાહકે તેને લગાડવામાં આવેલ રૂ. ૧૩૦૦નો ચાર્જ રીફંડ કરવા કંપની પાસે માંગ કરી છે.

### ઈન્ડેક્ષ-બી કર્મચારી મંડળીના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૬

ઈન્ડેક્ષ-બી કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. બેઠકમાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં અધ્યક્ષ તરીકે પી.આર. સુથાર, ઉપાધ્યક્ષ તરીકે આર.બી. પટેલ, મંત્રી તરીકે એમ.બી. ઠાકોર, ખજાનચી તરીકે જે.આર. શાહ અને કારોબારી સભ્યોમાં પી.એમ. સોની, આર.કે. કોઠારી, જે.જી. મોટવાણી, જે.જે. રાવતની સર્વ સંમતિથી પસંદગી કરવામાં આવી છે.

# પાટનગરમાં લુંટારૂઓ બેફામ બનતા નગરજનોમાં ફફડાટ

## ઘ-રોડ પર દેનાબેંક સામેથી પસાર થતી મહિલાના ગળામાંથી તુલશીની માળા લુંટી બે બાઈકસવારો રફુચક્કર : માળાનો એક ટુકડો પડી ગયો

ગાંધીનગર, તા. ૧૬

રાજયના પાટનગર ગાંધીનગરમાં ચોરી, લુંટ અને ધાડ જેવી ગંભીર ઘટનાઓ છેલ્લા એક મહિનાથી ખુબ વધી જવા પામી છે. પોલીસ કરતાં એક કદમ આગળ રહીને બિન્દાસ્ત ગુનાઓ આચરતી આ ટોળકીઓને પકડવાના પોલીસના તમામ એકશન પ્લાન કાચા પડે છે. બે દિવસ અગાઉ સ્મશાન ગૃહમાં ધાડ અને ગઈકાલે કારનો કાચ ફોડી અઢી લાખની ઉઠાંતરી બાદ ગઈ સાંજે એક મહિલાના ગળામાંથી તુલશીની માળા ઝુંટવી લુંટ થવા પામી હતી. આ પ્રકારના વધી ગયેલા ગુનાઓને પગલે નગરજનો બહાર નીકળતા અસલામતી અનુભવી રહ્યા છે.

શહેરના સે. ૪-સી પ્લોટ નં. ૧૩૦૭/૨ ખાતે રહેતા ઉષાબેન અશ્વિનભાઈ પટેલ ગઈકાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ઘ-માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચરો દેનાબેંકની સામે મેઈન રોડ પર ઉષાબેનના ગળામાં ઝુંટ મારીને તેમણે પહેરેલી ૨૩ ગ્રામ વજનની સોનાની તુલશીની માળા લુંટી હતી. ઉષાબેને માળા ખેંચતા અડધો ટુકડો ટુટીને તેમના હાથમાં રહી જતાં ૧૫ ગ્રામનો ટુકડો બચી ગયો હતો. જો કે ૮ ગ્રામનો રૂ. ૨૦ હજારનો ટુકડો લઈને ચેઈન સ્નેચરો સતત વાહનચાલકોની અવર-જવર વચ્ચે ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. બિન્દાસ્ત થવા લાગેલી લુંટ પોલીસ માટે પડકારરૂપ સાબિત થઈ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે સવારે અઢી લાખ રોકડાની ઉઠાંતરી થયા બાદ સાંજે તે સેકટરની સામે જ વધુ લુંટની ઘટના બનતા પોલીસની વાહનચેકીંગ અને પેટ્રોલીંગની કામગીરી ઉપર શંકા ઉદ્‌ભવી છે. મહિલાની ફરિયાદ મુજબ સે. ૨૧ પોલીસે લુંટ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# રાજયના એસ.ટી. ડ્રાયવરોમાં ટ્રાફિક શિસ્તનો અભાવ : માર્ગ વચ્ચે બસ ઉભી રખાય છે

## સ્ટેન્ડ નજીક બસ ઉભી ન રાખી માર્ગ ઉપરનો તમામ ટ્રાફીક અવરોધે છે, દંડનાત્મક કાર્યવાહીની માંગ

ગાંધીનગર, તા.૧૬

રાજયભરમાં ટ્રાફીક અવેરનેસ હેઠળ કાર્યક્રમો યોજીને નાગરીકોને ટ્રાફીકના નિયમો સમજાવી તેનો અમલ કરવા જણાવાય છે. પરંતુ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

રાજયનું મુખ્ય વાહન વ્યવહાર નિગમ તેના એસ.ટી. ડ્રાયવરો પ્રત્યે ધ્યાન આપતું ન હોવાનું ચિત્ર રાજયના માર્ગો ઉપર ઉભું થયું છે. રાજયના તમામ સ્ટેન્ડ ઉપર એસ.ટી. બસ ઉભી રાખવાના જે નિયમ છે તેને ઘોળીને પી જતાં ડ્રાયવરો બેફિકરાઈથી માર્ગ વચ્ચે જ બસ ઉભી રાખી લાંબા સમય સુધી મુસાફરોને ઉતારતાં અને ચઢાવતા હોય છે જેથી પાછળ આવતો તમામ ટ્રાફિક ભારે અવરોધાય છે. અને અન્ય વાહનચાલકો પારાવાર હાલાકીનો ભોગ બની રહ્યા છે. જેથી આ અંગે આવા ડ્રાયવરો વિરૂદ્ધ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરાય તેવી માંગ વાહન ચાલકોમાં ઉભી થઈ છે.

રાજયમાં ટ્રાફિક પોલીસ દ્વારા છાશવારે ખાનગી વાહનચાલકોને યેનકેન પ્રકારે ટ્રાફિક નિયમન ભંગ બદલ દંડ કરે છે. પરંતુ સરકારના જ વાહન વ્યવહાર નિગમ દ્વારા ચલાવાતી એ.ટી. બસો ખરેખર ટ્રાફીક અને આર.ટી.ઓના નિયમોનો છડે ચોક ભંગ કરી રહી છે. છતાં સરકાર હસ્તક હોવાથી કોઈ જ કાર્યવાહી થતી નથી. ખરેખર દરેક માટે સમાન કાયદાનો અમલ આ એસ.ટી. બસો માટે પણ લાગુ કરવો જોઈએ તેવું વાહન ચાલકો જણાવી રહ્યા છે. હાલમાં અમદાવાદ, ગાંધીનગર હિંમતનગર, કલોલ, કડી, આણંદ, વડોદરા વગેરે શહેરોમાં અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. બસો નિયત બસસ્ટેન્ડ નજીક એક બાજુ બસ ઉભી રાખવાના બદલે સ્ટેન્ડ આવતા માર્ગ વચ્ચે જ બસ ઉભી રાખી પાછળ આવતા તમામ ટ્રાફીકને અવરોધી રહી છે. આ અંગે એસ.ટી. ડ્રાયવરનું ધ્યાન દોરવામાં આવે છે પરંતુ ડ્રાયવરો પોતાની મનમાની કરી દાદાગીરી કરતાં હોવાનું પણ કેટલાક વાહનચાલકો જણાવી રહ્યા છે.

વાહન વ્યવહાર નિગમ દ્વારા આ અંગે અલગથી ગાઈડ લાઈન કરી નિયમોના ભંગ કરતા ડ્રાયવરો વિરૂદ્ધ શિક્ષાત્મક પગલા ભરવા જોઈએ તેવી માંગ ઉઠી છે.વધુમાં મોટા શહેરોમાં તો સીસીટીવી કેમેરા હોય છે જેના ફુટેજ પણ મેળવી કાર્યવાહી થઈ શકે તેવું લોકો જણાવી રહ્યા છે. ટ્રાફીકના પાઠ ભણાવતી પોલીસે પણ આ અંગે ભેદભાવ છોડી કાયદાના અમલ માટે નિષ્ઠાપૂર્વક આવા બેફીકરા ડ્રાયવરો વિરૂદ્ધ કાર્યવાહી કરે તે અન્ય વાહનચાલકો માટે રાહતરૂપ બનશે તેવી માંગ પણ થઈ છે.

# સરકાર ફકત મત મેળવવા ઝૂંપડપટ્ટી હટાવતી નથી

## સે-૫-ડી અને ૬ના રહીશો ઝૂંપડપટ્ટીવાળા દ્વારા કરવામાં આવતી ગંદકીથી ત્રાહીમામ પોકારી ગયા : બિલાડીના ટોપની જેમ ઝૂંપડા ફૂટી નિકળે છે અને કોર્પોરેટરો ઉંઘતા રહે છે : શહેર જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૧૬

દેશભરમાં સ્વચ્છતા અભિયાનના બ્યુગલ વગાડી જોરશોરથી સફાઈ કરવામાં આવી. કોઈએ ફોટા પડાવવા તો કોઈએ પબ્લીસીટી માટે સાવરણો પકડયો. એક સુનામીની જેમ સ્વચ્છતા અભિયાન આવીને જતું પણ રહ્યું. પરંતુ ગાંધીનગરાઓની સમસ્યા ઠેરની ઠેર રહી. સે-૫-ડી અને ૬ના રહીશો ઝૂંપડપટ્ટીની ગંદકીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પરંતુ નિરાકરણ આવતું નથી.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે ગાંધીનગરમાં ઝૂંપડા બિલાડીના ટોપની જેમ ફુટી નિકળે છે. જયાં ઝુંપડા બંધાય છે ત્યાં મંદિરનું પણ નિર્માણ કરવામાં આવે છે. શહેરના કલેકટર, મ્યુનિસિપલ કમિશનર અને જંગલ ખાતાના અધિકારીઓ ઘોર નિંદ્રા માણતા હોય તેવું લાગી રહ્યું છે. અહીંથી અનેક વખત પસાર થાય છે પરંતુ આંખ આડા કાન કરી રહ્યા છે.

શહેરના સે-૫-ડી અને ૬માં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે અને તેના કારણે માથું ફાટી જાય તેવી દુર્ગંધ આવે છે. અહીંથી પસાર થવું એટલે ગંદકીના સામ્રાજયમાંથી બહાર નિકળવા સમાન થાય છે. સવારે અને રાત્રિ દરમિયાન વોકીંગ કરવા નીકળે તે સમયે સ્ત્રીઓ અને પુરુષો ઝાડીમાં શૌચ ક્રિયા કરતા નજરે પડતા હોય છે.

મ્યુનિસિપાલિટીના કોર્પોરેટરો અને સરકાર ફકત મત મેળવવા માટે આ ઝૂંપડા હટાવતી નથી. પોતાને તો અહીંથી નીકળવાનું હોતું નથી પરંતુ આ સમસ્યાનો સામનો રહીશોને કરવો પડે છે. ગાંધીનગર રાજયનું પાટનગર છે, પરંતુ પાટનગરમાં ગંદકી દૂર થતી નથી. સરકાર ઝૂંપડપટ્ટી માટે કોઈ જ જગ્યા ફિકસ કરતી નથી.

સરકાર મંત્રી નિવાસની બાજુમાં ઝૂંપડા રહેવા દેતી નથી તો નાગરિકોના મકાનો પાસે ઝૂંપડા કેમ? સારા વિસ્તારમાં ઝુંપડપટ્ટી કેવી રીતે ચલાવી લેવાય. સેકટરના રહીશો કાગડોળે રાહ જોઈ રહ્યા છે કે કયારે ઝૂંપડપટ્ટી દૂર થાય.

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ૨૦૧૯માં ઉજવવામાં આવનાર છે અને તેને અનુલક્ષીને સ્વચ્છતા અભિયાન પણ ૨૦૧૯ સુધી ચાલનાર છે ત્યારે શું આ સેકટરના રહીશો ૨૦૧૯ પહેલા ગંદકીથી મુકત થશે કે કેમ તે પણ પ્રશ્ન શહેર જાગૃત નાગરિક પરિષદે વર્ણવ્યો છે.

### ૯ વિઘા જમીન ચાઉં કરી જનાર સાત શખ્સો સામે ફરિયાદ

ગાંધીનગર શહેર નજીક સ્થિત નાના ચિલોડા વિસ્તારની સર્વે નં. ૨૪૩ અને ૨૫૬ વાળી કરોડોની કિંમતની ૯ વિઘા જમીનની છેતરપીંડી અંગે સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. જયંતિભાઈ દયાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે સે-૭ પોલીસે નાના ચિલોડાના ભરત શંકર પટેલ, અશોક શંકર પટેલ અને રમેશ શંકર પટેલ ઉપરાંત અમદાવાદના જયેશ ઉર્ફે જયસુખ ડોલરીયા, વિપુલ મનુ સલોડીયા, ભરત બાબુ કોટડીયા અને ઘનશ્યામ પોપટ ચિરપરા મળીને સાત શખ્સો સામે છેતરપીંડીનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૦૨

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફયુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફયુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫

ધરમ સંકટ મેં : ૬.૪૫

**સ્ક્રીન-૩ :**

ફાસ્ટ એન્ડ ફયુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦

બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫

ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

લીલા : ૧૦.૦૦

ધરમ સંકટ મેં : ૩.૪૫

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

લીલા : ૬.૩૦

ફાસ્ટ એન્ડ ફયુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫

ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**વૃશ્ચિક** : વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. ચંદ્રસિંહ દિલાવરસિંહ જાડેજા (ઉ.વ.૬૩) પ્લોટ નં. ૧૧૮૨/૧, સેકટર-૨એ, ગાંધીનગર
- ક્રિષ્ણકાંત જી. પરમાર (ઉ.વ.૬૧) પ્લોટ નં. ૩૭૭/૨, હરિકૃપા, સેકટર-૮, ગાંધીનગર